# શહેરમા લાલચટક નાના ચણીબોરનું આગમન

**આયુર્વેદમાં નાનાં બોરને ક્ષુદ્રબદર કહેવાય છે અને ફેરિયાઓ એને સાદી ભાષામાં ચણિયા-મણિયા બોર કહે છે**







ગાંધીનગર, તા. ૮

શહેરના બજારો માં શિયાળુ ફળ અને શાકભાજી ની અઢળક આવક જોવા મળી રહી છે.જેમાં ક્યાંક ક્યાંક હવે ચણા જેટલી સાઈઝ ના લાલ લાલ ચણી બોર પણ જોવા મળી રહ્યા છે.લારીઓ માં શિંગોડા અને ચણી બોર નું વેચાણ શરૂ થઈ ચૂક્યું છે.લાલ ચટક નાના નાના ચણી બોર નો ભાવ હાલમાં ૨૦ રૂપિયા ના સો ગ્રામ ચાલી રહ્યો છે.જેમ જેમ તેની આવક માં વધારો થશે તેમ તેમ ભાવ માં ફેરફાર પણ થશે.ચણી બોર ની વાત કરીએ તો તે નાના બાળકો થી લઈ સૌ કોઈના પ્રિય છે.લારીઓ પર આ બોર નો ઢગલો જોતા જ ખરીદવાની ઈચ્છા થઈ જાય છે.સ્વાદમાં પણ ખટ મીઠા મધુર આ બોર છે.ચણી બોર માં ઉપર ચાટ મસાલો છાંટવામાં આવે છે અને તેનો સ્વાદ માણવામાં આવે છે.ચણી બોર માંથી વિવિધ વાનગીઓ પણ બનાવવામાં આવે છે.ફળ સંશોધન કેન્દ્ર, દહેગામ ખાતે ૧૦ જેટલી જાતો પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ ચણીબોર ચણા જેવડાં નાનાં હોવાને કારણે એને નાનાં બોર કહેવાય છે. આયુર્વેદમાં નાનાં બોરને ક્ષુદ્રબદર કહેવાય છે અને ફેરિયાઓ એને સાદી ભાષામાં ચણિયા-મણિયા બોર કહે છે. લાલ-પીળાં, ખાટાં-મીઠાં બોર ખાવા માટે આંગળીઓમાં અને હાથમાં કાંટા વાગે એ છતાં બોરડીમાંથી ફળ તોડવાનો અનુભવ મજાનો હોય છે. પહેલાંના જમાનામાં ગામડામાં ઢોર ચરાવનારા અને ખેતી કરનારા કે વાડીઓમાંથી બકરી-ઘેટાં ચરાવનારા માણસો વગડામાં બીજું કંઈ ન મળતાં બોરડી પરથી બોર તોડીને ખાતા રહેતા. આ કારણે બોર ખાનારા લોકોનું શરીર પણ બોર જેવું જ લાલચટક થઈ જતું. આયુર્વેદમાં પાકાં ચણીબોર પથ્ય, બલ્ય, રુચિકર-વૃષ્ય-શુક્લ-ભૂખ વધારનારા, પૌષ્ટિક, રક્તવર્ધક અને શરીરમાં સ્થિરતા લાવનારાં કહેવાય છે. પાકેલાં લાલ ચણીબોર મોટે ભાગે ત્રિદોષશામક હોય છે. પ્રકૃતિ પ્રત્યેક મોસમ ઋતુ પ્રમાણે પોતાના ક્રમ પ્રમાણે કાર્ય કરતી રહે છે. માનવ, પશુ-પક્ષી સમગ્ર જીવસૃષ્ટિ માટે ફળફળાદી વનફળનો સ્વાદ એ એક કુદરતી સર્જન છે.શહેરના સીમાડા માં જુદી જુદી મોસમમાં તરહ-તરહના વન્યફળો પૈકી નવેમ્બર ડિસેમ્બર માસમાં પાકતા ચણિ બોરનો આસ્વાદ માવન, પશુ-પક્ષી, જીવસૃષ્ટિ માટે આશીર્વાદરૂપ છે. ગત ચોમાસાના વિરામ પછી પણ લાંબા સમય સુધી વરસાદ પછી માવઠાંના વરસાદી પાણીથી શહેરના સીમાડામાં ચણિ બોરની બોરડીના વૃક્ષ બોરથી લચી પડતાં તે માનવજાત માટે આરોગવાનો શોખ, શ્રમજીવી વર્ગનો ઉદ્યમ, પશુ-પક્ષીઓ માટેના શ્રેષ્ઠ આહાર પૂરો પાડવાનો માધ્યમ બન્યો છે.ચણિ બોરને એકઠા કરવાની પણ એક રીત અનેરી છે. બોરડીના વૃક્ષ નીચે કપડો કે પ્લાસ્ટિકનો અઢિયો પાથરી બોરડી ઉપર લાકડીનો માર વીંઝવાથી બોરડીમાં પાકેલા બોર પાથરેલા અઢિયા ઉપર પડે છે. તેને એકત્ર કરી શ્રમજીવી લોકો બજારમાં લાવી વેંચાણ કરે છે. આ ચણા જેવા કદના ચણિ બોર રૂા. ૬૦થી ૭૦ રૂ કિલો. ના ભાવથી વેચાય છે. જેથી બોર શ્રમજીવી વર્ગ માટે આર્થિક સહાયરૂપ બને છે.

**બોરની ઉપયોગિતા :**

પોષક મૂલ્યની દષ્ટિએ બોર સફરજન કરતાં વધુ પૌષ્ટિક ફળ છે. છતાં કિંમતમાં સસ્તુ છે. બોરનાં લાકડાનો ફર્નિચર બનાવવામાં ઉપયોગ થાય છે. ખેડૂતો પોતાના પાવડા, કોદાળી, કુહાડીના હાથા બનાવવામાં બોરની જાડી ડાળીઓનો ઉપયોગ કરે છે. છાંટણી કરેલા લાકડાનો બળતણ તરીકે તેમજ પાનનો પશુના આહાર તરીકે ઉપયોગ થાય છે.

# સે-૩૦માં ગુરુદ્વારા ખાતે ગુરુનાનક જયંતિ ધામધૂમથી ઉજવાઈ

**સવારે કિર્તન અને સાંજે બાળકોના પરફોર્મન્સ સાથેના કાર્યક્રમ યોજાયો : શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં બે ટાઇમ લંગરનો લાભ લીધો : નિઃશુલ્ક ડાયાબિટીસ, હેલ્થ અને આઇ ચેકઅપ કેમ્પ યોજાયાં**









ગાંધીનગર તા.૦૮

આજે શહેરમાં શીખ સમુદાયના ગુરુ નાનક દેવજીના ૫૫૩મા પ્રકાશપર્વની અનુયાયીઓ દ્વારા ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત શહેરના સેક્ટર-૩૦ ખાતેના ગુરુદ્વારામાં વિવિધ ભક્તિ કાર્યક્રમોનું ?આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુનાનક જયંતિના ઉત્સવને અનુલક્ષીને ગુરુદ્વારાને રોશનીથી શણગારવામાં આવ્યું હતું તેમજ આ પ્રસંગે પ્રધાનમંત્રી જન ઓષધિ કેન્દ્ર દ્વારા લાઈફ સાયન્સ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીના સહયોગથી નિઃશુલ્ક ડાયાબિટીસ એન્ડ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે શીખ ધર્મના પ્રથમ ગુરુ નાનક દેવજીનું ૫૫૩મું પ્રકાશ પર્વ - જન્મજયંતિ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવી હતી. ગાંધીનગરના સેક્ટર-૩૦માં પણ શીખ સમાજ, સિંધી સમાજ, પંજાબી સમાજ અને ગુજરાતના અનુયાયીઓ દ્વારા સાથે મળીને ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિવાર સહિત ઉમટી પડ્યાં હતાં.

આ પ્રસંગે શહેરના મેયર સહિત અગ્રણીઓએ ગુરુદ્વારા ખાતે દર્શનનો લાભ લીધો હતો. સવારે ૧૦થી ૧ વાગ્યા દરમ્યાન ભજન કિર્તન યોજાયાં હતા તેમજ તે સાથે આયોજિત લંગરનો મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ લાભ લીધો હતો. શહેરના શીખ, સિંધી અને પંજાબી સમાજના યુવાનો-મહિલાઓએ લંગરમાં વિવિધ સેવાઓ આપી હતી. ગુરુદ્વારા ખાતે સાંજે ૭થી ૯.૩૦ વાગ્યા દરમ્યાન બાળકોના વિવિધ પરફોર્મન્સ સાથેના કાર્યક્રમ ઉપરાંત ભજન કિર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પણ મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. ગુરુનાનક જયંતિના પાવન પર્વ નિમિત્તે પ્રધાનમંત્રી જન ઓષધિ કેન્દ્ર દ્વારા લાઈફ સાયન્સ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીના સહયોગથી નિઃશુલ્ક ડાયાબિટીસ એન્ડ હેલ્થ ચેકઅપ કેમ્પનું અને તેજ આઈ કેર દ્વારા આંખોની તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે પણ શ્રધ્ધાળુઓએ લંગરનો લ્હાવો માણ્યો હતો.

# ફાઈવ-જી સેવા માટે નેટવર્ક ટાવરને અપગ્રેડ કરાયું



તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશભરમાં ફાઈવ-જી મોબાઈલ ઈન્ટરનેટ નેટવર્ક સેવા લોન્ચ કરવામાં આવી હતી. હવે દેશમાં તેના અમલીકરણની કાર્યવાહી શરૂ થઇ જવા પામી છે. ગાંધીનગરના સેક્ટર-૧૧ ખાતે અખબાર ભવન પાસેના રિલાયન્સ જીઓના ટાવરને મંગળવારે કંપની દ્વારા ફાઈવ-જી સેવા માટે અપગ્રેડ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# શહેરમાં પરિવર્તન યાત્રાથી કોંગ્રેસના પ્રચારના શ્રીગણેશ







ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં ધીમે ધીમે વિધાનસભાની ચુંટણીના પ્રચારના માહોલની શરૂઆત થઈ રહી છે. શહેરમાં કોંગ્રેસ દ્વારા પરિવર્તન યાત્રા યોજવામાં આવી હતી જેમાં કાર, બાઈક-સ્કૂટર સહિત અન્ય વાહનોમાં કોંગ્રેસના અગ્રણીઓ જોડાયાં હતા. શહેરના વિવિધ વિસ્તારમાંથી પસાર થયેલી પરિવર્તન યાત્રામાં શહેર જિલ્લા પ્રમુખ શૈલેન્દ્રસિંહ બિહોલાની ઉપસ્થિતિમાં અગ્રણી કોંગ્રેસી નેતાઓ નિશિત વ્યાસ અને ઉત્તર વિધાનસભા બેઠકના પ્રબળ દાવેદાર વિરેન્દ્રસિંહ વાઘેલા ઉર્ફે અજિતસિંહ સહિત નેતાઓ જોડાયાં હતા.



સરગાસણ ગામના ટીપી-૯માં આવેલ સિદ્ધરાજ ઝોરીની સામેનો તથા અંદરના રોડની ખૂબ બિસ્માર હાલત છે. છેલ્લા કેટલાય સમયથી મહાનગરપાલિકાએ અહી ગટરનું કામ અધુરૂ મુકી દીધુ છે. જેના કારણે રાયસણની સોસાયટીઓના સભ્યોને આવવા જવામાં ખુબ તકલીફ પડે છે. વળી અહી સર્વિસ રોડની એન્ટ્રી પણ મનપાએ બંધ કરી દીધી છે. જેના કારણે મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામ થાય છે. અહીંના રહેવાસીઓની મુશ્કેલીઓ દૂર કરવા રજૂઆત કરાઈ છે.

**ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨**

# જિલ્લા મહેસૂલી વિસ્તારમાં બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ

**લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો લાઉડ સ્પીકર સહિતનાં તમામ ઉપકરણો જપ્ત કરાશે**

ગાંધીનગર તા.૦૮

આગામી રાજ્ય વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ દરમ્યાન ગાંધીનગર શહેર-જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તારમાં ધ્વનિ પ્રદૂષણ પેદા ન થાય તેમજ સામાન્ય નાગરિકોની શાંતિમાં ખલેલ ન પહોંચે, તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા જાહેરનામું બહાર પાડીને ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભરત જોષી દ્વારા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માટે આગામી તા. ૦૫મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીયપક્ષોના ઉમેદવારો, કાર્યકર્તાઓ, અપક્ષ ઉમેદવારો, ચૂંટણી એજન્ટો, સમર્થકો દ્વારા ચૂંટણી પ્રચાર ઝૂંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરવામાં આવે છે.

પ્રચાર માટે ઊંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખૂબ જ ધ્વનિ પ્રદૂષણ પેદા થાય છે. સામાન્ય જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મૂકવાનું જરૂરી છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીની પરવાનગી મેળવ્યા બાદ જ સવારના ૬.૦૦ કલાકથી રાતના ૧૦.૦૦ કલાક સુધી થઈ શકશે. ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હિકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીની નિયમાનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણી પ્રચાર અર્થે કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકર મૂકી શકાશે નહીં. આવી પરવાનગી મેળવેલાં વાહનો દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પ્રથમ નિયત નમૂનામાં અરજી કરીને સંબંધિત ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી વાહન પરમીટ લેવાની રહેશે તેમજ વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

તદુપરાંત, કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી / પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીને ઉપયોગ કરતાં પહેલાં લેખિતમાં જાણ કરવાની રહેશે. લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે, તો ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મૂકવા માટે ઉપયોગમાં લેવાયેલાં તમામ સાધનો/ ઉપકરણો જપ્ત કરવામાં આવશે. કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલ સમયના ૪૮ કલાક પહેલાંના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે. આ હુકમનો અમલ હુકમની તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી એટલે કે તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી કરવાનો રહેશે.